# <u>મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી (સીની.સીવીલ જજ સાહેબ)ની કોર્ટમાં, મુ.અમદાવાદ</u>

**<u>ફોજદારી કેસ નં.૮૩/૨૦૨૦</u>**
**<u>આંક–</u>**

**<u>ફરીયાદી ::–</u>** કારખાના નિરીક્ષક
(શ્રી બી.બી.રાવલ, કારખાના નિરીક્ષક,અમદાવાદ)

**<u>– : : વિરુધ્ધ : : –</u>**

**<u>આરોપી ::–</u>** શ્રીમતી શાંતિદેવી શાંતિલાલ ભણસાલી (પ્રોપરાઈટર)
તુલસી ઈન્ટરનેશનલ
સી–૫૦૮, રોડ નં.૫૭, હિન્દુસ્તાન મારબલ પાસે,
ઓઢવ, જી.આઈ.ડી.સી.અમદાવાદ

**ગુનો :–** કારખાનાધારા ૧૯૪૮ હેઠળની ફરીયાદ..

---

ફરીયાદી તરફે ..
આરોપી તર્ફે .. આરોપી જાતે હાજર

---

**–:: <u>ઠ રા વ</u> ::–**

(૧) <u>નામ.ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫, તા.૨૩/૦૬/૨૦૧૭ અન્વયે ફોજદારી કેસો ચલાવવાની સત્તા સીવીલ જજ તથા જયુ.મેજી.ફ. ક.ને મળતા સદરહું ફોજદારી કેસ અત્રેની મજુર અદાલતમાં દાખલ થતા,સદરહું ફોજદારી કેસને ફોજદારી કેસ નં.૮૩/૨૦૨૦ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.</u>

(૨) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે,આ કામના ફરીયાદીએ તા.૧૬/૧૧/૨૦૧૯ ન રોજ સદરહુ કારખાનાની મુલાકાત લેતા,સંસ્થામા કારખાના ધારાના નિયમો–૧૯૬૩ ના નિયમ–૪,૧૧૦(૧)(એ),૩–એ,૭એ(૨)(એ)ના ભંગ બદલ કલમ–૯૨ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરીયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૩) ઉપરોકત સંદર્ભની ફરિયાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦(૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા ધ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૪) આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ તેમના વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ,ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ,ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૫) આરોપીએ ગુન્હાની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબલુ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ

પુરાવા તરીકે ઉપયોગમા લેવાશે, આમ છતા આરોપી પોતાને ગુન્હો કબલુ હોવાનુ જણાવેલ છે.ત્યાર બાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામા આવતા તમો પણ આરોપીએ પોતાની સામનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે.આમ આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબલુ કરતા હોવાનુ જણાય છે.

(૬) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તમેજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરલે રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપી ને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવેશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોટર્નુ માનવુ છે.સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટટે ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરલે સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરુધ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાન માં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

<u>–: હુ ક મ :–</u>

૧) કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ અન્વયે કારખાના ધારાના નિયમો–૧૯૬૩ ના નિયમ–૪,૧૧૦(૧)(એ),૩–એ,૭એ(૨)(એ)ના ભંગ બદલ કલમ–૯૨ હેઠળ કસુરવાન ઠરાવીને **રૂા.૮,૦૦૦/– (અંકે રૂપિયા આઠ હજાર પુરા)** નો દંડ, અને જો દંડ ન ભરે તો દિન.–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજની નેશનલ લોકઅદાલત દરમ્યાન યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૯/૨૦૨૧
સ્થળ : અમદાવાદ.

**( દિપક હસમુખભાઈ ખંભાતી)**
**CODE : GJ00866**
**એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ**